# જિલ્લા બાસ્કેટબૉલ સ્પર્ધામાં દિલ્હી પબ્લિક સ્કૂલનો ડંકો





સ્કૂલ ગેમ ફેડરેશન દ્વારા જિલ્લાકક્ષાની અન્ડર-૧૯ બોય્ઝ અને ગર્લ્સ બાસ્કેટ બૉલ સ્પર્ધા યોજવામાં આવી હતી. બૉય્ઝ વિભાગમાં કુલ ૧૦ ટીમોએ એ ગર્લ્સ વિભાગમાં પાંચ ટીમોએ ભાગ લીધો હતો. બંને વિભાગમાં દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરની ટીમે અવ્વલ આવીને પ્રથમ સ્થાન જાળવી રાખ્યું હતું. ઉપરાંત શાળાના સંખ્યાબંધ છાત્રોને રાજ્યકક્ષાની ટીમમાં સ્થાન પ્રાપ્ત થયું હતું. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ આચાર્ય અતનુ રથે તેમને બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.


## જન્મદિને વધામણી



વિવેકસિંહ છત્રસિંહ ચૌહાણ
ડિરેક્ટર, લાયન્સ ક્લબ



રિતીકા વિનોદભાઈ મેણાત
મો. ૯૯૨૫૦ ૩૨૬૧૮




ઋષિકેશભાઈ માંડલિયા
મો. ૯૯૨૫૦ ૩૨૬૧૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

## એસ કે પટેલ સ્કૂલમાં ફર્સ્ટ એઈડ તાલીમ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ કે પટેલ સ્કૂલમાં 'ફર્સ્ટ એઈડ' વર્ક-શોપ યોજાયો હતો, જેમાં ૭૦ જેટલા શિક્ષકોએ ભાગ લીધો હતો. રેડ ક્રોસ તરફથી આ તાલીમ આપવામાં આવી હતી. નિષ્ણાતોએ સ્કૂલમાં આકસ્મિક બનાવ બને તો શું કરવું તેના વિષેની પણ માહિતી આપી હતી. એસ કે પટેલ સ્કૂલ, એસ વી પ્રિ સ્કૂલ, એચ વી, વી એમ બાલમંદિર, ક્રિએટિવ ઝોનના આચાર્ય, શિક્ષક તથા નોન ટીચિંગ સ્ટાફ દ્વારા આ ઉપયોગી તાલીમ પ્રાપ્ત કરવામાં આવી હતી.

### એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલના

## આઈક્યુએસી દ્વારા વાર્ષિક બેઠક યોજાઈ




ગાંધીનગર, તા. ૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલના ઈન્ટર્નલ ક્વોલિટી એશ્યોરન્સ સૅલ દ્વારા વાર્ષિક બેઠકનું આયોજન મંડળના પ્રમુખ વલ્લભભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

ઉપસ્થિત વાલીઓને સુપરવાઈઝર મોનીકા બિજલાની દ્વારા શાળાના સમગ્ર વાર્ષિક કાર્યક્રમો અને સફળતા વિશે માહિતી પૂરી પાડવામાં આવી હતી. શરૂઆતમાં આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન દ્વારા સ્વાગત પ્રવચન કરાયું હતું. સેજલ પરમાર દ્વારા પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું. સુપરવાઈઝર સુપર્ણા મુખર્જી અને નદીમ મેમણ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવવામાં આવી હતી.

શાળાના સ્કૉલરશીપ, કેરિયર ગાઈડન્સ, સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ, સ્કૂલ બેન્ડ જેવા ઉપક્રમો અંગે વિગતે જાણીને વાલીઓએ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી અને શાળા પરિવારની પ્રશસ્તિ પણ કરી હતી.

આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને શાળામાં અભ્યાસ કરી ગયેલા અને આજે સફળતાના મુકામ પર પહોંચેલા કેટલાક વિદ્યાર્થીઓના રસપ્રદ કિસ્સા સંભળાવી બેઠકને રસપ્રચૂરતા બક્ષી હતી. સમગ્ર વાતાવરણ આ કિસ્સાઓને કારણે લાગણીસભર પણ બની ગયું હતું.

બેઠકને અંતે વાલીઓ તરફથી સૂચનો માગવામાં આવ્યાં હતાં અને આ સૂચનો મુજબ પોતાની કાર્યપ્રવૃત્તિ, આયોજનમાં સુધાર કરવાની શાળા દ્વારા ખાતરી આપવામાં આવી હતી.

# આઈઆઈટી-ગાંધીનગરનો આઠમો પદવીદાન સમારોહ



ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી, ગાંધીનગર ખાતે ૮મા વાર્ષિક પદવીદાન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહ અંતર્ગત કુલ ૩૯૪ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી, જેમાં બીટૅક, બીટૅક-ઍમટૅક, બીટૅક-ઍમઍસસી, ઍમટૅક, ઍમઍસસી, ઍમએ, પીઍચડી અને પીજીડીઆઈઆઈટીના વિદ્યાર્થીઓ સામેલ હતા. ૫૩ વિદ્યાર્થીઓને મેડલ પ્રાપ્ત થયા હતા. પિરામલ ગૃપનાં વાઈસ ચેરમેન અને પિરામલ એન્ટરપ્રાઈઝનાં ડિરેક્ટર ડૉ. સ્વાતિ પિરામલ આ પ્રસંગે અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં.

## અસહકારનો પ્રવાહ

॥ બીજો મણકો ॥


મને રાતના સૂઝ્યું કે મુખ્ય શબ્દ 'શાંતિમય' તો રહી ગયો છે. મેં મહાદેવને દોડાવ્યા અને કહેવડાવ્યું કે 'શાંતિમય' શબ્દ છાપવામાં ઉમેરે. મને એવો ખ્યાલ છે કે એ શબ્દ ઉમેરાય તે પહેલાં ઠરાવ છપાઈ ગયો હતો. વિષયવિચારિણી સભા તે જ રાત્રે હતી, એટલે તેમાં તે શબ્દ પાછળથી મારે ઉમેરાવવો પડ્યો હતો. મેં જોયું કે જો હું ઠરાવ લઈને તૈયાર ન થયો હોત તો બહુ મુશ્કેલી પડત.

150 ગાંધીયાત્રા

મારી સ્થિતિ દયાજનક હતી. કોણ સામે થશે ને કોણ ઠરાવ પસંદ કરશે એની મને ખબર નહોતી. લાલાજીના વલણ વિશે હું કશું જ જાણતો નહોતો. રીઢા થઈ ગયેલા યોદ્ધાઓ કલકત્તામાં હાજર થયા હતા. વિદુષી એની બેસંટ, પંડિત માલવીયજી, વિજયરાઘવાચાર્ય, પંડિત મોતીલાલજી, દેશબંધુ, વગેરે તેઓમાં હતાં.

મારા ઠરાવમાં ખિલાફત અને પંજાબના અન્યાય પૂરતી જ અસહકારની વાત હતી. શ્રી વિજયરાઘવાચાર્યને એમાં રસ ન આવ્યો, એ કહે: 'જો અસહકાર કરવો તો અમુક અન્યાયને સારુ જ શો? સ્વરાજ્યનો અભાવ એ મોટામાં મોટો અન્યાય છે, ને તેને સારુ અસહકાર થાય.' મોતીલાલજીને પણ એ દાખલ કરવું હતું. મેં તરત જ સૂચનાનો સ્વીકાર કર્યો, ને સ્વરાજ્યની માગણી પણ ઠરાવમાં દાખલ કરી. વિસ્તારપૂર્વક ગંભીર ને કંઈક તીખી ચર્ચાઓ પછી અસહકારનો ઠરાવ પસાર થયો.

મોતીલાલજી તેમાં પ્રથમ જોડાયા. મારી સાથેની તેમની મીઠી ચર્ચા મને હજુ યાદ છે. કંઈક શબ્દફેરની તેમણે સૂચના કરેલી તે મેં સ્વીકારી. દેશબંધુને મનાવવાનું બીડું તેમણે ઝડપ્યું હતું. દેશબંધુનું હૃદય અસહકાર તરફ હતું, પણ તેમની બુદ્ધિ એમ સૂચવતી હતી કે અસહકારને પ્રજા નહીં ઝીલે. દેશબંધુ અને લાલાજી અસહકારમાં પૂરા તો નાગપુરમાં આવ્યા. આ ખાસ બેઠક વેળા મને લોકમાન્યની ગેરહાજરી બહુ દુ:ખદાયક થઈ પડી હતી. મારો અભિપ્રાય આજ લગી એવો છે કે તેઓ જીવતા હોત તો કલકત્તાના પ્રસંગને વધાવી લેત. પણ તેમ ન થાત ને તેઓ વિરોધ કરત તોયે તે મને ગમત. હું એમાંથી શીખત. તેમની સાથે મારે મતભેદો હમેશાં રહેતી, પણ તે બધા મીઠા હતા. અમારી વચ્ચે નિકટ સંબંધ હતો એમ મને તેમણે હમેશાં માનવા દીધું હતું. આ લખતી વેળા જ તેમના અવસાનનો ટેલિફોન મારા સાથી પટવર્ધને કર્યો હતો. તે જ વખતે મેં સાથીઓની પાસે ઉદ્ગાર કાઢેલા: 'મારી પાસે ભારે ઓથ હતી તે તૂટી પડી.' આ વેળા અસહકારનું આંદોલન પુરજોરથી ચાલી રહ્યું હતું. તેમની પાસેથી હૂંફ મેળવવાની હું આશા રાખતો હતો. છેવટે જ્યારે અસહકાર પૂરો મૂર્તિમંત થયો ત્યારે તેઓ કયું વલણ લેત એ તો દૈવ જાણે, પણ એટલું હું જાણું છું કે પ્રજાના ઈતિહાસની આ ભારે ઘડીને વખતે સહુને તેમની હાજરીનો અભાવ સાલતો હતો.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

## આરાધના વિદ્યાવિહારમાં ઍજ્યુકેશનલ રૅમ્પ વૉક




આરાધના વિદ્યાવિહાર દ્વારા ઍજ્યુકેશનલ રૅમ્પ વૉકનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની થીમ ઈનક્રેડિબલ ઈન્ડિયા રાખવામાં આવી હતી. કાર્યક્રમમાં નાનાં બાળકોએ વિવિધ રાજ્યોની વેશભૂષા ધરી રૅમ્પ વૉક કરી હતી અને સંબંધિત રાજ્ય વિશે ટૂંકી માહિતી પણ આપી હતી. વિવિધ પ્રૉપ્સ સાથે વૉક કરનારાં આ બાળકોએ 'વિવિધતામાં એકતા' સૂત્રને સાકાર કર્યું હતું.




સરકારી વિનયન કૉલેજ દ્વારા કારગિલ વિજય દિવસની ઉજવણી નિમિત્તે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આચાર્ય ડૉ. રાજેશ કોઠારી, એનસીસી ઓફિસર ડૉ. માધવી ઉપાધ્યાય, પ્રૉ. અજય વાળંદ અને ઍનસીસી કેડેટ્સ દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત કેડેટ્સ દ્વારા સાઈકલિંગ, વૃક્ષારોપણ, વક્તૃત્વ, કારગીલ પર ડોક્યુમેન્ટરી ફિલ્મ નિદર્શન જેવા ઉપક્રમો પણ યોજવામાં આવ્યા હતા.




ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ ખાતે કવિ,મનુભાઈ ત્રિભુવનદાસ ત્રિવેદી 'સરોદ','ગાફિલ'ના ૧૦૬મા જન્મદિન પ્રસંગે 'સુરતાનો સાદ'સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. અકાદમીના અધ્યક્ષ વિષ્ણ પંડ્યાએ ભૂમિકા રજૂ કરી.મનુભાઈનાં જીવન વિશે ભરત ઓઝાએ અને 'સરોદ'નાં ગીતો-ભજનો વિશે દલપત પઢિયારે તેમજ 'ગાફિલ'ની ગઝલો વિશે રાજેશ વ્યાસ'મિસ્કીને' વક્તવ્ય આપ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે સાહિત્યકાર જવાહર બક્ષી,સતીશ વ્યાસ,લલિત ત્રિવેદી,મધુસૂદન પટેલ, પ્રતિભા રાવલ, વિપુલ આચાર્ય, ભાવેશ ભટ્ટ, હરીશ દ્વિવેદી, ભદ્રા સવાઈ, પ્રતાપસિંહ ડાભી, જનક દવે, અશ્વિન આણદાની, રાધિકા પટેલ અને સાહિત્યપ્રેમીઓ નિહારિકા આચાર્ય,નમર્તા શોધન,ભુપેન્દ્ર રાવલ,આભાસ કવિ,માસુંગ ચૌધરી,નીતિન પટેલ,પુનિત મોઢા,મીત સોની, માર્ગી હાથી, માધવી પંડ્યા ઉપસ્થિત રહ્યાં હતાં. સાથે કવિ મનુભાઈ ત્રિવેદીના પરિવારજનો શ્વેતા કંથારીયા,લલિત ત્રિવેદી,મૌલેશ કંથારીયા પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

### માતૃભાષા અભિયાનના 'પરસ્પર' પ્રકલ્પના ઉપક્રમે

## આજે જોરાવરસિંહ જાદવ અમદાવાદમાં લોકસાહિત્ય-લોકવાર્તાનો આસ્વાદ કરાવશે

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતી ભાષાના સંરક્ષણ અને સંવર્ધન માટે માતૃભાષા અભિયાન વિવિધ પ્રકલ્પો ચલાવે છે, જે પૈકીનો એક પ્રકલ્પ 'પરસ્પર' (આસ્વાદલક્ષી વાર્તાલાપો) છે. દર મહિનાના છેલ્લા મંગળવારે આ પ્રકલ્પનું આયોજન કરવામાં આવે છે. આ પ્રકલ્પ અંતર્ગત ગુજરાતી ભાષા, સાહિત્ય અને અન્ય લલિતકલાઓ પ્રત્યે પ્રેમ જાગે તથા તેના પ્રત્યે રુચિ કેળવાય તે હેતુથી ખ્યાત કલામર્મજ્ઞો અને સાહિત્યકારોને આમંત્રીને તેમની સાથે સાહિત્યની ઉત્કૃષ્ટ કૃતિોનું વાચન-પઠન, વાચિકમ અને વાર્તાલાપનું આયોજન કરવામાં આવે છે.

તા. ૩૦મી જુલાઈના રોજ કનોરિયા સૅન્ટર ફૉર આર્ટ્સ ખાતે સાંજે ૫.૩૦ કલાકે લોકસાહિત્યના જાણીતા લેખક અને પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ 'આપણું લોકસાહિત્ય અને લોકવાર્તાઓ' વિશે આસ્વાદ કરાવશે. સૌ સાહિત્યરસિકો, કલારસિકોને આ કાર્યક્રમ માણવા માતૃભાષા અભિયાન તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.